પધારો

## Gujarati

સટન હાઉસીંગ પાર્ટનરશીપની વેબસાઈટમાં આપને સ્વાગત છે.

સટન હાઉસીંગ પાર્ટનરશીપ એ કંપની છે જે લંડન બરો ઓફ સટનની માલિકીના ઘરોનો વહીવટ સંભાળે છે.

આ વેબસાઈટનો હેતુ અમારી હાઉસીંગ સેવાઓ, સ્થાનિક સમાચારો અને પ્રસંગો પર તાજી માહિતી ઉપલબ્ધ કરવાનો છે જેથી અમે અમારા રહેવાસીઓ સાથે સારો સંદેશવ્યવહાર કરી શકીએ.

સટનના બરોમાં ઘણી ભાષાઓ બોલવામાં આવે છે, અને અમે આ વેબસાઈટ કે અમારા બધાં પ્રકાશનો બધી ભાષાઓમાં ભાષાંતર નથી કરી શકતા. પણ અમારે અમારા રહેવાસીઓ માટે અમે કઈ કઈ સેવાઓ ઉપલબ્ધ કરીએ છીએ એની જાણ કરવામાં મદદ કરવી છે.

અમારે જ્યારે અમારા રહેવાસીઓને ભાષાંતર કે દુભાષીયાની સેવા ઉપલબ્ધ કરવાની જરૂર લાગે ત્યારે તે સેવાઓ ઉપલબ્ધ કરીશું અથવા તો તમારા રહેઠાણ વિષે કે હાઉસીંગ સેવાના વિષે અગત્યની માહિતી ઉપલબ્ધ કરીશું.

અમે અમારા બધાં પ્રકાશનો પર ભાષાંતરની તક્તી પણ ઉપલબ્ધ કરીએ છીએ જે એ પ્રકાશન વિષે સમજણ આપે છે અને એ પત્રિકાને તમારી ભાષામાં કેવી રીતે મેળવી શકો તેની સમજણ આપે છે.

સટન હાઉસીંગ પાર્ટનરશીપ અને દરેક એસ્ટેટ ઓફિસો પાસે આ સેવાઓની પહોંચ છે:

ટેલીફોન દુભાષી સેવા
સામ-સામે દુભાષી સેવા
ભાષાંતર સેવા

અથવા તમારી મરજી હોય, તો તમારા કુટુંબના પુખ્તવયના સભ્ય અથવા મીત્ર મદદ કરી શકે છે.

જો તમને આમાંથી કોઈપણ સેવાની જરૂર હોય, તો કૃપા કરીને અમારા ફ્રીફોન ટેલીફોન નંબર 020 8915 2000 પર અમારો સંપર્ક કરો.